## જનની સુરક્ષા યોજના

| | |
|---|---|
| યોજના શરૂ થયાનું વર્ષ તથા નાણાંકીય સ્ત્રોત | વર્ષ ૨૦૦૫ - ભારત સરકારશ્રી દ્વારા અમલીકૃત |
| યોજનાના લાભાર્થીની પાત્રતાનાં માપદંડ | આ યોજનામાં ગરીબી રેખા હેઠળની (બી.પી.એલ કાર્ડ ધરાવતી) કુટુંબની પ્રસૂતા બહેનો, અનુસુચિત જાતિ તથા અનુસુચિત જનજાતિ કુટુંબના તમામ પ્રસૂતા બહેનોને લાભ આપવામાં આવે છે. |
| યોજના અંતર્ગત સહાય / લાભ | યોજના હેઠળ ગ્રામ્ય વિસ્તારના લાભાર્થીને રૂા. ૭૦૦/- તેમજ શહેરી વિસ્તારના લાભાર્થીને રૂા. ૬૦૦/- માટે પોષણયુક્ત ખોરાક, પ્રસૂતિ સમયે થતો દવાનો ખર્ચ કે અન્ય ખર્ચને પહોચી વળવા માટે સગર્ભાવસ્થા ના છેલ્લા ત્રણ મહીનામાં સમયગાળામાં ચુકવવામાં આવે છે. |
| યોજનાનો લાભ મેળવવા માટેની પધ્ધતિ | આ યોજના અંતર્ગત સહાય માટે સંબંધિત સ્ત્રી આરોગ્ય કાર્યકર પાસે ફોર્મ ભરાવવાનું રહેશે. |

**યોજના હેઠળ નોંધાયેલ લાભાર્થીતથા થયેલ ખર્ચ**

| વાર્ષિક લક્ષ્યાંક | પ્રોરેટા લક્ષ્યાંક | ૨૦૧૭-૧૮ (જાન્યુ.૧૮ અંતિત) | ટકા | ૨૦૧૮-૧૯ (જાન્યુ.૧૯ અંતિત) | ટકા |
|---|---|---|---|---|---|
| ૭૭૫૦ | ૬૪૫૮ | ૫૯૫૩ | ૯૨ | ૬૦૬૮ | ૯૪ |
| યોજના હેઠળ માહે જાન્યુ.૧૯ અંતિત રૂા. ૪૦.૨૭ લાખનો ખર્ચ થયેલ છે. | | | | | |

## કસ્તુરબા પોષણ સહાય યોજના (કે.પી.એસ.વાય)

| | |
|---|---|
| યોજના શરૂ થયાનું વર્ષ તથા નાણાંકીય સ્ત્રોત | વર્ષ ૨૦૧૧-૧૨ - ગુજરાત સરકારશ્રી દ્વારા અમલીકૃત. |
| યોજનાના લાભાર્થીની પાત્રતાનાં માપદંડ | શહેરી અને ગ્રામ્ય વિસ્તારના ગરીબી રેખા હેઠળની સગર્ભા માતાઓને ત્રણ બાળકો સુધીની પ્રસૂતિ માટે સહાય મળવાપાત્ર છે. |
| યોજના અંતર્ગત સહાય / લાભ | I. સગર્ભાવસ્થામાં છ માસના ગાળામાં મમતા દિવસે નોંધણી કરાવવાથી રૂા. ૨૦૦૦/- ની સહાય.<br>II. સરકારી દવાખાનામાં અથવા ચિરંજીવી યોજના અંતર્ગત સુવાવડના પ્રથમ અઠવાડિયામાં રૂ. ૨૦૦૦/- ની સહાય.<br>III. બાળકની માતાને પોષણ સહાય રૂપે બાળકના જન્મ બાદના ૯ મહિના પછી અને ૧૨ મહિના પહેલા મમતા દિવસે ઓરીની રસી સાથે વિટામીન –એ આપ્યા બાદ અને સંપૂર્ણ રસીકરણ પૂર્ણ થયા બાદ રૂ. ૨૦૦૦/- ની સહાય. આમ, કુલ રૂ. ૬૦૦૦/- ની સહાય લાભાર્થી માતાને મળશે. |
| યોજનાનો લાભ મેળવવા માટેની પધ્ધતિ | I. લાભાર્થીએ મમતા દિવસે સગર્ભાવસ્થાના પ્રથમ છ માસના ગાળામાં સ્ત્રી આરોગ્ય કાર્યકર પાસે નોંધણી કરાવવાથી પ્રથમ હપ્તો મળવાપાત્ર થશે.<br>II. ગરીબી રેખા હેઠળની સગર્ભા માતાએ સરકારી દવાખાનામાં અથવા ચિરંજીવી યોજના હેઠળનાં દવાખાનામાં પ્રસુતિ કરાવવાથી બીજો હપ્તો મળવાપાત્ર થશે.<br>III. ગરીબી રેખા હેઠળની માતાના બાળકના જન્મ બાદનાં ૯ માસ પછી અને ૧૨ માહિના પહેલા મમતા |

<table>
<tr><td></td><td colspan="6">દિવસે ઓરીની રસી સાથે વિટામીન-એ આપ્યા બાદ બાળક સંપૂર્ણ રસીકરણ થાય ત્યારે ત્રીજો હપ્તો મળવા પાત્ર થશે.</td></tr>
<tr><td>યોજનાનો લાભ કયાંથી મળશે.</td><td colspan="6">નાણાં સીધા લાભાર્થીના બેન્ક ખાતામાં / પોસ્ટ ઓફિસમાં ખાતામાં જમા થશે.</td></tr>
<tr><td rowspan="3">યોજના હેઠળ નોંધાયેલ લાભાર્થી તથા થયેલ ખર્ચ</td><td>વાર્ષિક લક્ષ્યાંક</td><td>પ્રોરેટા લક્ષ્યાંક</td><td>૨૦૧૭-૧૮ (જાન્યુ.૧૮ અંતિત)</td><td>ટકા</td><td>૨૦૧૮-૧૯ (જાન્યુ.૧૯ અંતિત)</td><td>ટકા</td></tr>
<tr><td>૪૧૮૭</td><td>૩૪૮૯</td><td>૫૨૪૪</td><td>૧૫૦</td><td>૫૬૨૨</td><td>૧૬૧</td></tr>
<tr><td colspan="6">યોજના હેઠળ માહે જાન્યુ.૧૯ અંતિત રૂા. ૧૦૪.૪૦ લાખનો ખર્ચ થયેલ છે.</td></tr>
</table>

## બાલ સખા યોજના-૧

<table>
<tr><td>યોજના શરૂ થયાનું વર્ષ તથા નાણાંકીય સ્ત્રોત</td><td colspan="3">વર્ષ ૨૦૦૯-૧૦ - ગુજરાત સરકારશ્રી દ્વારા અમલીક</td></tr>
<tr><td>યોજનાના લાભાર્થીની પાત્રતાનાં માપદંડ</td><td colspan="3">આ યોજનામાં ગરીબી રેખા હેઠળના (બી.પી. એલ કાર્ડ ધરાવતા) કુટુંબના ૩૦ દિવસ સુધીના નવજાત શિશુઓ તથા આવક વેરો ન ભરતાં હોય તેવા અનુસુચિત જનજાતીના તમામ નવજાત શિશુઓને તથા વાર્ષિક આવક રૂા. બે લાખથી ઓછી હોય તેવા નિયોમિડલ ક્લાસનાં તમામ કુટુંબના એક મહિના સુધીના બાળકોને આવરી લેવાલાભ આપવામાં આવે છે.</td></tr>
<tr><td>યોજના અંતર્ગત સહાય /લાભ</td><td colspan="3">નવજાત શિશુઓને ખાનગી બાળરોગ નિષ્ણાંતો દ્વારા તેઓની હોસ્પિટલમાં નવજાત શિશુઓને લગતી કોઈપણ બીમારી માટે નિ:શુલ્ક સેવાઓ આપવામાં આવે છે. બાળરોગ નિષ્ણાંત નવજાત શિશુના સગાને વાહનવ્યવહાર પેટે રૂા. ૨૦૦ /- લેખે વાઉચર પર સહી લઈને તુરંત જ ચુકવી આપશે.</td></tr>
<tr><td>યોજનાનો લાભ મેળવવા માટેની પધ્ધતિ</td><td colspan="3">જે બાળકોનો જન્મ સરકારી સંસ્થાઓમાં અથવા ચિરંજીવી યોજનામાં થાય છે. તેમજ ઘરે જન્મ થયેલ હોય અથવા ઘરે ગયા પછી ૩૦ દિવસની ઉંમર સુધી આ યોજનાનો લાભ મળવાપાત્ર છે. કોઇપણ આરોગ્ય કર્મચારી / આશા ધ્વારા તે રીફર થયેલ હોવો જોઇએ.</td></tr>
<tr><td>યોજનાનો લાભ કયાંથી મળશે</td><td colspan="3">જિલ્લામા જોડાયેલ ખાનગી બાળરોગ નિષ્ણાંત તથા તબીબોને ત્યાં.</td></tr>
<tr><td rowspan="3">યોજના હેઠળ નોંધાયેલ લાભાર્થી</td><td>યોજના હેઠળ જોડાયેલ ડોક્ટર</td><td>૨૦૧૭-૧૮ (જાન્યુ.૧૮ અંતિત)</td><td>૨૦૧૮-૧૯ (જાન્યુ.૧૯ અંતિત)</td></tr>
<tr><td>૨</td><td>૨૬૧૬</td><td>૨૬૪૮</td></tr>
<tr><td colspan="3">યોજના હેઠળ માહે જાન્યુ.૧૯ અંતિત રૂા. ૪૭.૨૨ લાખનો ખર્ચ થયેલ છે.</td></tr>
</table>

## બાલ સખા યોજના-૩

<table>
<tr><td>યોજના શરૂ થયાનું વર્ષ તથા નાણાંકીય સ્રોત</td><td colspan="2">વર્ષ ૨૦૧૭-૧૮  - ગુજરાત સરકારશ્રી દ્વારા અમલીકૃત.</td></tr>
<tr><td>યોજનાના લાભાર્થીની પાત્રતાનાં માપદંડ</td><td colspan="2">ઓછા વજન (૧.૫ કિ.ગ્રા) સાથે જન્મેલ બાળકો તથા ૧.૫ કિ.ગ્રા.થી વધુ વજન સાથે બર્થ એસ્ફેક્સીયા, મેકોનીયમ એસ્પીરેશન સીન્ડ્રોમ, રેસ્પીરેટ્રી ડીસ્ટ્રેસ સીન્ડ્રોમ, સેપ્સીસ, મેનીન્જાઇટીસ, મેટાબોલીક કોમ્પ્લીકેશન જેવા કે, હાઇપોગ્લાઇસેમીયા, હાઇપોકેલ્શેમીયા, હાઇપરટ્રેનેટ્રેમીયાની બીમારી ધરાવતા બાળકો (૦ થી ૨૮ દિવસની ઉંમર).</td></tr>
<tr><td>યોજના અંતર્ગત સહાય/ લાભ</td><td colspan="2">યોજના હેઠળ જોડાયેલ ખાનગી બાળરોગ નિષ્ણાંતો દ્વારા તેઓની હોસ્પિટલમાં નવજાત શિશુઓને લગતી બીમારી માટે નિ:શુલ્ક સેવાઓ આપવામાં આવે છે. જરૂર પડે ફરીથી પણ દાખલ થઇ શકાય છે. વાહનવ્યવહારની સગવડ પણ હોસ્પીટલ દ્વારા કરી આપવામાં આવે છે.</td></tr>
<tr><td>યોજનાનો લાભ મેળવવા માટેની પધ્ધતિ</td><td colspan="2">માન્યતા પ્રાપ્ત બાળરોગ તબીબને ત્યાં ઉપર જણાવેલ બીમારીઓ માટે સારવાર મેળવવા લાભાર્થીનું રેશનીંગ કાર્ડ તથા આધાર કાર્ડ અથવા ચૂંટણી કાર્ડની નકલ રજુ કર્યેથી યોજનાનો લાભ મેળવી શકાય છે.</td></tr>
<tr><td>યોજનાનો લાભ કયાંથી મળશે</td><td colspan="2">જિલ્લામા જોડાયેલ ખાનગી બાળરોગ નિષ્ણાત તબીબોને ત્યાં.</td></tr>
<tr><td rowspan="3">યોજના હેઠળ નોંધાયેલ લાભાર્થી તથા થયેલ ખર્ચ</td><td>યોજના હેઠળ જોડાયેલ ડોક્ટર</td><td>૨૦૧૮-૧૯ (જાન્યુ.૧૯ અંતિત)</td></tr>
<tr><td>૬</td><td>૫૭૭</td></tr>
<tr><td colspan="2">યોજના હેઠળ માહે જાન્યુ.૧૯ અંતિત રૂા. ૧૯૮.૩૧ લાખનો ખર્ચ થયેલ છે.</td></tr>
</table>

## મુખ્યમંત્રી અમૃતમ  / મુખ્યમંત્રી અમૃતમ વાત્સલ્ય યોજના

<table>
<tr><td>યોજના શરૂ થયાનું વર્ષ અને નાણાંકીય સ્રોત</td><td><u>મુખ્યમંત્રી અમૃતમ યોજના</u> :૨૦૧૨-૧૩  - ગુજરાત સરકારશ્રી દ્વારા અમલીકૃત.<br><u>મુખ્યમંત્રી અમૃતમ વાત્સલ્ય યોજના</u>:૨૦૧૪ - ગુજરાત સરકારશ્રી દ્વારા અમલીકૃત.</td></tr>
<tr><td>યોજનાના લાભાર્થીની પાત્રતાનાં માપદંડ</td><td><u>મુખ્યમંત્રી અમૃતમ યોજનાઃ-</u><br>રાજ્યના તમામ જિલ્લાના ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારના ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબ કે જેના નામ યોજનાની યાદીમાં છે તેવા કુટુંબના મહત્તમ ૫ સભ્યોનો આ યોજનામાં સમાવવામાં આવશે. નવજાત શિશુને છઠ્ઠા વ્યકિત તરીકે લાભ મળવા પાત્ર છે.<br><u>મુખ્યમંત્રી અમૃતમ વાત્સલ્ય યોજનાઃ-</u><br>ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારના આશા બહેનો અને તેમના પરિવારજનો, પત્રકારો અને તેમના પરિવારજનો, રાજ્ય સરકારના વર્ગ-૩ અને વર્ગ-૪ ના તમામ સંવર્ગો પરની જગ્યાઓ ઉપર સીધી ભરતીથી નિમણુંક આપેલ ફિક્સ પગારના કર્મચારીઓને મા વાત્સલ્ય યોજનાનો લાભ મળવાપાત્ર છે. કુટુંબની પારિવારીક વાર્ષિક આવક રૂા.૩,૦૦,૦૦૦/- (ત્રણ લાખ) કે તેથી ઓછી આવક હોય તેવા કુટુંબ. ઉપરોક્ત તમામ કેટેગરીના પરિવારના વધુમાં વધું પાંચ સભ્યોને આ યોજનાનો લાભ મળવાપાત્ર છે વધુમાં વાર્ષિક રૂ. ૬ લાખ કે તેથી ઓછી આવક ધરાવતા કુટુંબોના સિનિયર સિટિઝનને (એટલે કે ૬૦ વર્ષ કે તેથી વધુ ઉંમર ધરાવતા વ્યક્તિઓ- ગુજરાતના રહેવાસી)નો આ યોજનામાં સમાવેશ કરવામાં આવેલ છે.</td></tr>
</table>

| | |
|---|---|
| યોજના અંતર્ગત સહાય / લાભ | ગુજરાતની ખાનગી તેમજ સરકારી હોસ્પિટલ કરારબધ્ધ કરવામાં આવેલ છે. જેમાં સ્માર્ટ કાર્ડ રજુ કરવાથી હૃદય, કીડની, કેન્સર, ગંભીર અકસ્માત, માનસિક બિમારી, બર્ન્સ, નવજાત શિશુના રોગો જેવી ગંભીર બીમારીઓ માટે રૂ. ૩,૦૦,૦૦૦/-(ત્રણ લાખ) સુધીની કેસ-લેસ સારવાર આપવામાં આવે છે. તદઉપરાંત નિયત કરેલ ટ્રાન્સપ્લાન્ટેશનની પ્રોસિજરો (જેવી કે કિડની, લીવર, પેન્ક્રીયાઝ) માટે પ્રતિ વર્ષ કુટુંબ દીઠ રૂ ૫,૦૦,૦૦૦/- અને ઘૂંટણ/થાપા માટે ૪૦,૦૦૦/- ની કેસલેસ સારવાર સહાય મળવા પાત્ર રહેશે. |
| યોજનાનો લાભ મેળવવા માટેની પધ્ધતિ | આ યોજનામાં સંલગ્ન તાલુકાની મામલતદાર કચેરીમાં આવેલ એ.ટી.વી.ટી. સેન્ટરમાં "મા કિયોસ્ક" પર જઈ કુટુંબના સભ્યો કાર્ડ મેળવી શકે છે. |
| યોજનાનો લાભ કયાંથી મળશે. | આ યોજના હેઠળ નિયત ચેકલીસ્ટ અનુસાર સગવડતા ધરાવતી સરકારી, અનુદાન મેળવતી સંસ્થાઓ અને ખાનગી હોસ્પિટલોને કરાર બદ્ધ કરવામાં આવે છે. આ કરાર બદ્ધ થયેલ હોસ્પિટલમાં લાભાર્થીને સારવારનો લાભ મળશે. |

| યોજનાનું નામ | યોજના હેઠળ જોડાયેલ હોસ્પીટલ | સમય | લાભાર્થીની સંખ્યા | ક્લેઈમની કિંમત (રૂ. લાખમાં) |
|---|---|---|---|---|
| મુખ્યમંત્રી અમૃતમ | સરકારી - ૨<br>ખાનગી – ૨ | ૦૧/૦૪/૧૮ થી ૨૨/૦૨/૧૯ | ૩૦૧૯ | ૩૨૩.૧૩ |
| મા વાત્સલ્ય | | ૦૧/૦૪/૧૮ થી ૨૨/૦૨/૧૯ | ૧૬૩૧૬ | ૧૮૧૦.૮૪ |

## મુખ્યમંત્રી અમૃતમ/મુખ્યમંત્રી અમૃતમ વાત્સલ્ય યોજના અંતગર્ત એનરોલમેન્ટની વિગતો

| ક્રમ | તાલુકાનું નામ | | |
|---|---|---|---|
| | | એનરોલમેન્ટ થયેલ લાભાર્થી સંખ્યા | એનરોલમેન્ટ થયેલ લાભાર્થી સંખ્યા |
| ૧ | સિધ્ધપુર | ૧૧૯૪૨ | ૧૩૪૫૧ |
| ૨ | પાટણ | ૯૫૫૨ | ૨૫૫૪૫ |
| ૩ | સરસ્વતી | ૧૦૧૦૧ | ૧૨૧૯૯ |
| ૪ | ચાણસ્મા | ૭૦૩૧ | ૧૨૧૦૫ |
| ૫ | હારીજ | ૮૨૪૮ | ૬૬૫૩ |
| ૬ | સમી | ૭૬૨૬ | ૫૮૬૭ |
| ૭ | શંખેસ્વર | ૩૪૮૩ | ૫૦૬૮ |
| ૮ | રાધનપુર | ૧૦૧૫૯ | ૭૬૯૨ |

| | | | |
|---|---|---|---|
| ૯ | સાંતલપુર | ૭૭૦૬ | ૫૪૧૯ |
| | **કુલ** | **૭૫૮૪૮** | **૬૩૯૯૯** |

## આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના

| | |
|---|---|
| **યોજનાની રૂપરેખા** | ▪ યોજના હેઠળ નોધાયેલ પરિવારોને રૂ. ૫ લાખ સુધી સારવાર યોજના હેઠળ નોધાયેલ સરકારી તેમજ ખાનગી હોસ્પિટલોમાં ઉપલબ્ધ.<br>▪ સદર યોજના હેઠળ પ્રાથમિક, સેકન્ડરી, ટર્શરી સારવાર માટે પેકેજ નિયત કરી નિયત કરેલ પેકેજ અને તેના દર મુજબ સારવાર ઉપલબ્ધ<br>▪ સદર યોજના હેઠળ રૂ. ૫૦ હજાર સુધીનો ખર્ચ ઈન્શ્યોરન્સ કંપની દ્વારા હોસ્પિટલને ચુકવાશે.<br>▪ રૂ. ૫૦,૦૦૧ થી વધુનો ખર્ચ સરકાર દ્વારા હોસ્પિટલોને ચુકવાશે.<br>▪ કુલ ૧૭૦૦ થી પણ વધુ સંલગ્ન સરકારી તેમજ ખાનગી હોસ્પિટલોમાં સારવાર ઉપલબ્ધ<br>▪ યોજના સાથે જોડવામાં આવેલ તમામ હોસ્પિટલોમાં પ્રધાનમંત્રી આરોગ્ય મિત્ર ઉપલબ્ધ જેઓ લાભાર્થીઓને સારવાર સમયે માર્ગદર્શન પુરૂ પાડશે. |
| **યોજનાનો ઉદ્દેશ** | • આયુષ્માન ભારત યુનિવર્સલ હેલ્થ કવરેજનો ઉદ્દેશ પુરો પાડવા માટે એક વ્યાપક આરોગ્ય પ્રણાલીનો અભિગમ.<br>• જેના થકી જરૂરીયાતમંદ લોકો નાણાકીય મુશ્કેલીનો સામનો કર્યા વગર તેઓની જરૂરીયાતવાળી આરોગ્ય સેવાઓનો ઉપયોગ કરી શકે.<br>• સર્વગ્રાહી અભિગમ સાથે આયુષ્માન ભારત એક અસરકારક અને કાર્યક્ષમ આરોગ્યની વ્યવસ્થા બનાવવામાં મદદ કરશે. જેનાથી આઉટ ઓફ પોકેટ ખર્ચમાં ઘટાડો થશે. અને યુનિવર્સલ હેલ્થ કવરેજનો ઉદ્દેશ પુરો થશે. |
| **લાભાર્થી** | ▪ દેશભરમાં ૧૦.૭૪ કરોડથી વધુ ગરીબ અને નબળા પરિવારો (લગભગ ૫૦ કરોડ લાભાર્થીઓ) આવરી લેવામાં આવ્યા છે.<br>▪ ગુજરાત રાજ્યમાં ૪૪.૨૫ લાખ પરિવારના ૨.૨૫ કરોડ લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે. |
| **સંસ્થાઓની વિગતો** | ખાનગી સંસ્થાઓ કુલ ૨૩ અને સરકારી સંસ્થાઓ કુલ ૨૩ આમ કુલ પાટણ જિલ્લામાં ૪૬ સંસ્થાઓમાં યોજનાકીય લાભ આપવામાં આવે છે. |
| **આપવામાં આવતાં લાભોની ટુકી વિગત** | યોજનાના લાભાર્થીઓને પ્રતિ કુંટુબ દીઠ પ્રાથમિક, સેકન્ડરી, ટર્શરી બિમારીઓ માટે સારવાર અર્થે રૂ. ૫ લાખ સુધીની આરોગ્યની કેસલેશ સારવાર એમ્પેનલ થયેલ સરકારી/ખાનગી આંખના રોગ, કાન –નાક અને ગળાના રોગો, હ્રદયના રોગો, કીડનીના રોગો, મગજના રોગો, ગંભીર ઈજાઓ, નવજાત શિશુને લગતા ગંભીર રોગો કેન્સર, ઘુંટણ અને થાપના રીપ્લેસમેન્ટ, કિડની અને લિવર ટ્રાન્સપ્લાન્ટેશન વિગેરે માટે ૧૭૯૫ જેટલા પેકેજની સારવાર ઉપલબ્ધ કરવામાં આવેલ છે. |

## P.M.J.A.Y. અંતર્ગત આવરી લીધેલ લાભાર્થીઓ

<table>
<tr><th>ક્રમ</th><th>જિલ્લો</th><th>કુલ કુટુંબોની સંખ્યા</th><th>કુટુંબના સભ્યોની અંદાજીત સંખ્યા</th><th>ગોલ્ડન કાર્ડ આપેલ સભ્યોની સંખ્યા</th></tr>
<tr><td rowspan="2">૧</td><td>પાટણ</td><td>૧,૨૪,૩૦૩</td><td>૫,૩૪,૫૦૩</td><td>૧,૪૩,૫૬૫</td></tr>
<tr><td colspan="4">યોજના હેઠળ ૨૨/૦૨/૧૯ અંતિત કુલ - ૧૦૪૮ ક્લેઇમ થયેલ છે તથા<br>તે અંતર્ગત કુલ રૂા. ૧૩૧.૯૫ લાખનો ખર્ચ થયેલ છે.</td></tr>
</table>

## તબીબી સહાય અંગેની વિગતો

<table>
<tr><td>યોજના શરૂ થયાનું વર્ષ અને નાણાકીય સ્ત્રોત</td><td colspan="3">વર્ષ ૨૦૧૬-૧૭ - ભારત સરકારશ્રી દ્વારા અમલીકૃત</td></tr>
<tr><td>યોજનાના લાભાર્થીની પાત્રાતાનાં માપદંડ</td><td colspan="3">સહાય મેળવવા પાત્ર લાભાર્થીની આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે રૂા. ૧.૨૫ લાખ તથા શહેરી વિસ્તાર માટે રૂા. ૧.૫૦ લાખની રહેશે. લાભ મેળવવા માટે લાભાર્થીએ નિયત નમૂનામાં અરજી કરવાની રહેશે અને સાથે નીચે મુજબના સાધનિક કાગળો રજુ કરવાના રહેશે. (૧) તાજેતરનો ફોટો (૨) આધાર કાર્ડની નકલ (૩) સમક્ષ અધિકારીશ્રીનું આવકનું પ્રમાણપત્ર (૪) બેંક ખાતાની પાસબુકની નકલ (૫) લાભાર્થીનો મો.નં. અરજીમાં દર્શાવવો (૬) રેશનિંગ કાર્ડની નકલ (૭) જે-તે રોગ અંગેનુ સંબંધિત ડૉક્ટરશ્રીનું પ્રમાણપત્ર, આયોજનાના લાભાર્થીની ચકાસણી દર નાણાકીય વર્ષના શરૂઆતના બે માસમાં કરવાની રહેશે.</td></tr>
<tr><td rowspan="7">યોજના અંતર્ગત સહાય / લાભ</td><td>ક્રમ</td><td>વિગત</td><td>સહાયની રકમ રૂા.</td></tr>
<tr><td>૧</td><td>કેન્સર માટે પ્રતિ માસ</td><td>૧૦૦૦/-</td></tr>
<tr><td>૨</td><td>રક્તપિત્ત માટે પ્રતિ માસ</td><td>૮૦૦/-</td></tr>
<tr><td>૩</td><td>ક્ષય (ટી.બી) માટે દર્દ મટે નહીં ત્યાં સુધી</td><td>૫૦૦/-</td></tr>
<tr><td>૪</td><td>એચ.આઈ.વી.એઈડ્સ ગ્રસ્ત અનુસુચિત જાતિના દર્દી માટે રોગ મટે નહીં ત્યાં સુધી માસિક</td><td>૫૦૦/-</td></tr>
<tr><td>૫</td><td>પ્રસુતિના ગંભીર રોગના કિસ્સામાં કેસદીઠ</td><td>૫૦૦/-</td></tr>
<tr><td>૬</td><td>સ્ત્રીઓને થતાં પાડુંરોગ માટે કેસદીઠ</td><td>૧૫૦/-</td></tr>
<tr><td colspan="2">યોજનાનો લાભ મેળવવા માટેની પદ્ધતિ</td><td colspan="2">રક્તપિત્ત, ક્ષય (ટી.બી.) , એચ.આઈ.વી., કેન્સર, પ્રસુતિના ગંભીર રોગ, સ્ત્રીમાં થતા પાડુંરોગ માટે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર/ અર્બન હેલ્થ સેન્ટરના મેડિકલ ઓફિસરશ્રી પાસેથી અરજી મેળવી સાધનિક કાગળો સાથે રજૂ કરવાની રહેશે.</td></tr>
<tr><td colspan="2">યોજનાનો લાભ ક્યાંથી મળશે.</td><td colspan="2">ઉપર મુજબની સહાય અરજી મંજૂર થયેથી લાભાર્થીના બેંક એકાઉન્ટમાં આર.ટી.જી.એસ/ ઈ-ટ્રાન્સફરથી જમા કરવામાં આવશે.</td></tr>
</table>

| તબીબી સહાય અન્વયે નોંધાયેલ લાભાર્થી તથા થયેલ ખર્ચ. | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સહાયની વિગત | વર્ષ ૨૦૧૭-૧૮ | | વર્ષ ૨૦૧૮-૧૯ (જાન્યુ-૧૯ અંતિત) | |
| | | લાભાર્થીઓની સંખ્યા | ચુકવેલ રકમ રૂા. | લાભાર્થીઓની સંખ્યા | ચુકવેલ રકમ રૂા. |
| | કેન્સર માટે પ્રતિ માસ | ૧૧૮ | ૫.૬૬ લાખ | ૧૫૪ | ૧૦.૬૨ લાખ |
| | રકતપિત્ત માટે પ્રતિ માસ | ૪ | ૦.૩૮ લાખ | ૧ | ૦.૦૯ લાખ |
| | ટી.બી. માટે દર્દ મટે નહી ત્યાં સુધી | ૪૮૬ | ૧૬.૫૭ લાખ | ૭૧૮ | ૨૪.૫૨ લાખ |
| | એચ.આઇ.વી. એઇડસ ગ્રસ્ત અનુ.જાતિના દર્દી માટે રોગ | ૧૦૯૨ | ૨૫.૬૩ લાખ | ૧૩૫૮ | ૩૪.૮૫ લાખ |
| કુલ સહાય રૂા. | | ૧૭૦૦ | ૪૮.૨૪ લાખ | ૨૨૩૧ | ૭૦.૦૮ લાખ |

## અકસ્માત સહાય યોજના

અકસ્માત ઘરના એક વ્યક્તિને થાય પરંતુ તેનું પરિણામ આખા કુટુંબને ભોગવવું પડે છે. તેમાં પણઘરની જવાબદાર વ્યક્તિનું જ્યારે અકસ્માતથી મૃત્યુ થાય તો આખું કુટુંબ માનસિક તથા આર્થિક રીતેનિરાધાર થઇ જાય છે. વાહનોની વધતી જતી સંખ્યા સાથે, રસ્તા પર અકસ્માતોની સંખ્યા વધી રહી છે. નિષ્ણાંતોના જણાવ્યા મુજબ જો પીડિતોને પ્રથમ એક કલાક (ગોલ્ડન અવર) ની અંદર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવે તો ઓછામાં ઓછા ૫૦% મૃત્યુદરને ટાળી શકાય છે. અકસ્માત પછી તાત્કાલિક (ગોલ્ડન અવર) એ પ્રથમ કલાક

છે જેમાં ઇમરજન્સી મેડિકલ સારવાર જરૂરી છે અને જો આવી કોઈ સારવારઉપલબ્ધ ન હોય અથવા અકસ્માત પછી તાત્કાલિક સારવાર આપવામાં ના આવે તો મોટા ભાગનાઅકસ્માતનો ભોગ બનેલાઓનું મૃત્યુ થાય છે. આ બાબત ધ્યાને લઇ ગુજરાતનાં કોઈ પણ વિસ્તારમાં થયેલા કોઈ પણ વાહન અકસ્માતમાં ઇજા પામેલા વ્યક્તિને અકસ્માતના પ્રથમ ૪૮ કલાક માટે નિશ્ચિત નાણાકીયમર્યાદામાં મફત તબીબી સારવાર મળી રહે અને આરોગ્ય સુરક્ષા પ્રદાન થાય તે બાબત સરકારની વિચારણા હેઠળ હતી.

## ૩. યોજનાની રૂપરેખા અને લાભો: -

(૩.૧) વાહન અકસ્માતનો ભોગ બનેલ ઇજાગ્રસ્તને પ્રથમ ૪૮ કલાક દરમિયાન, બનાવ દીઠ રૂ. ૫૦,૦૦૦/ની મફત સારવાર પ્રત્યેક ઇજાગ્રસ્ત દીઠ તાત્કાલિક મળવા પાત્ર રહેશે. આવા ઇજાગ્રસ્તોને પ્રથમ ૪૮ કલાકદરમ્યાન અપાયેલ તમામ સારવાર, ઓપરેશન વિગેરે માટેના ખર્ચ પૈકી રૂ. ૫૦,૦૦૦/-ની મર્યાદામાંવ્યક્તિદીઠનો સારવાર ખર્ચ રાજ્ય સરકાર દ્વારા સીધેસીધો હોસ્પિટલોને ચૂકવવામાં આવશે.

(૩૨) ગુજરાત રાજ્યમાં કોઈપણ જગ્યાએ થયેલ વાહન અકસ્માતમાં ઈજા પામનાર તમામ વ્યક્તિઓનેકોઈપણ આવક મર્યાદા ધ્યાને લીધા સિવાય રાજ્યની તમામ સરકારી હોસ્પિટલો, ટ્રસ્ટ સંચાલિત તથાખાનગી હોસ્પિટલો દ્વારા જેઓ ગુજરાતના રહેવાસી હોય કે અન્ય રાજ્યના રહેવાસી હોય કે અન્ય રાષ્ટ્રના હોયતેવા તમામ વ્યક્તિઓને રૂા. ૫૦,૦૦૦/-ની મર્યાદામાં વ્યકિત દીઠ મફત સારવાર મળવા પાત્ર રહેશે. તેનોખર્ચ રાજ્ય સરકાર ભોગવશે.

(૩.૩) ઇજાગ્રસ્તને વાહન અકસ્માત બાદના પ્રથમ ૪૮ કલાક સુધીની સારવાર નિયતદરે મફત મળવાપાત્રરહેશે. જેમાં નીચે મુજબની જરૂરી સારવાર રૂ. ૫૦,૦૦૦/-ની મર્યાદામાં આપવાની રહેશે.a) ઇજાગ્રસ્ત ભાગનું ડ્રેસીંગ, સ્ટેબીલાઇઝેશન, ફેક્ચર સ્ટેબીલાઇઝેશન, શોકની પરિસ્થિતિની સારવાર,એકસ-રે, ઇજાના ઓપરેશનો, સીટી સ્કેન, એમ.આર.આઇ., અલ્ટ્રાસાઉન્ડ, બ્લડ ટ્રાન્સફયુઝન વિગેરે. b) માથાની ઇજાઓની સારવાર.c) ઘનિષ્ઠ સારવાર એકમ (આઇ.સી.યુ.) માં સારવાર.ત) પેટ અને પેઢુની ઇજાની સારવાર e) તમામ પ્રકારની ઇજાઓની પ્રાથમિક અને જે તે હોસ્પિટલમાં ઉપલબ્ધ તમામ સારવાર.

જે તે હોસ્પિટલમાં સીટીસ્કેન કે જરૂરી અન્ય ડાયગ્નોસ્ટીક સેવા ઉપલબ્ધ ન હોય તો તે નજીકના અન્ય ડાયગ્નોસ્ટીક સેન્ટરની સેવાઓ મેળવીને સારવાર કરી શકશે. જેનુ ચૂકવણુ જે તે હોસ્પિટલે કરવાનું રહેશે અને તે અંગેના ખર્ચની રકમ બિલમાં સમાવેશ કરી શકશે. જેનું સારવારના નિયત દરોનીમર્યાદામાં ચૂકવણુ કરવામાં આવશે.કોઇ કિસ્સામાં આકસ્મિક સંજોગોમાં ઇજાગ્રસ્તની પરિસ્થિતિ ધ્યાને લઇ સ્ટેબીલાઇઝેશનકરનાર હોસ્પિટલ જો ઇજાગ્રસ્તની વધુ સારવાર માટે વધુ સુવિધા ધરાવતી હોસ્પિટલને રીફર કરેતો બન્ને હોસ્પિટલો દ્વારા પ્રથમ ૪૮ કલાક દરમ્યાન કરેલ સારવારનું ખર્ચ બન્ને હોસ્પિટલને તેઓએકરેલ સારવારના પ્રમાણમાં નિયત દર મુજબ રૂ. ૫૦,૦૦૦/-વ્યક્તિદીઠની મર્યાદામાં મળવાપાત્ર થશે. પ્રથમ હોસ્પિટલે કેસ રીફર કરતી વખતે કરેલ સારવાર અને તેના નિયત દર મુજબની વિગત જે હોસ્પિટલને કેસ રીફર કર્યો હોય તેની રેફરલશીટમાં ઉલ્લેખ કરવાનો રહેશે.

દા.ત. પ્રથમહોસ્પિટલ દ્વારા રૂ. ૧૦,૦૦૦/-નો ખર્ચ નિયત દર મુજબ કરેલ છે અને જે હોસ્પિટલને કેસ રીફરકરેલ છે તે હોસ્પિટલને હવે રૂ. ૪૦,૦૦૦/-નો ખર્ચ નિયત દર મુજબ કરેલ સારવાર માટે મળવાપાત્રથશે.ઉપર દર્શાવેલ સારવાર માટે વિવિધ પ્રોસિજર્સ/ સારવારના દર સામેલ પરિશિષ્ટ-૧ મુજબ રહેશે.

## પાટણ જીલ્લા ખાતે વાહન અકસ્માત સારવાર યોજના અંતર્ગત થયેલ ક્લેઈમની માહિતી

| ક્રમ | નોંધાયેલ અકસ્માત કેસ | થયેલ ક્લેઇમ | ક્લેઇમ રકમ રૂા. |
|---|---|---|---|
| ૧ | ૫ | ૫ | ૫૬,૪૫૨ |